Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-19, Issue-1, June-2025

# વિદેશી પ્રવાસીઓની નજરે ભારતભૂમિ

ડૉ. વિનોદકુમાર મુંજપરા
(અધ્યાપક સહાયક, ઇતિહાસ વિભાગ)
નલિની - અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટસ કોલેજ વલ્લભ વિદ્યાનગર.

## ૧. પૂર્વભૂમિકા

ભારત એક એવી ધરતી છે જ્યાં સંસ્કૃતિ ધર્મ ભાષાઓ અને પરંપરાઓનું અનોખું સંમિશ્રણ જોઈ શકાય છે વિશ્વના દરેક ખૂણાઓમાંથી આવેલા વિદેશી યાત્રીઓએ સમય સમય પર ભારતની મુલાકાત લીધી છે અને તેમના અનુભવોના વર્ણનો પોતાના લખાણોમાં લખ્યા છે. આ વિદેશી પ્રવાસીઓના લખાણો માત્ર ઐતિહાસિક દ્રષ્ટિકોણથી જ મહત્વ ધરાવે છે તેવું નથી પરંતુ તે ભારતની આધુનિક ઓળખ અને સમજણ માટે ખૂબ જ ઉપયોગી બની રહે છે.

ભારતનો ઇતિહાસ ત્રણ તબક્કાઓમાં જોઈ શકાય પ્રાચીનકાળ મધ્યકાળ અને આધુનિક કાળ પ્રાચીનકાળથી લઈને આધુનિક કાળ સુધી ભારત દેશની વિવિધતા સંસ્કૃતિ આધ્યાત્મિકતા અને રહસ્યમયતા દુનિયાના લોકોને પોતાની તરફ આકર્ષે છે ચીનના પ્રખ્યાત હ્યું એન ત્સાંગથી લઈને ઇટાલીના માર્કોપોલો પર્શિયાના અલબિરૂની વગેરે તેમણે આધુનિક પ્રવાસ સિવાય પોતાના ભૂમિ પર પગ મૂકીને તેની સુંદરતા વૈભવ અને વિરોધાભાસને પોતાની દ્રષ્ટિએ મૂલવ્યા છે આ યાત્રીઓએ કરેલ ભારતના વિવિધ પ્રદેશના પરિભ્રમણ અને તેમના અનુભવો તત્કાલીન ભારતના દર્શન તેમના શબ્દોમાં ઉતાર્યા હતા જે વર્તમાન સમયમાં ઇતિહાસના અમૂલ્ય પુરાવાઓ બની રહ્યા છે.

ભારતની આકર્ષણ શક્તિનું એક મુખ્ય કારણ તેની સુવર્ણભૂમિ તરીકે ની ખ્યાતિ રહેલી છે પ્રાચીન સમયના અહીંના મસાલા રેશમ રત્નો અને સોનાના વેપાર ગ્રીક રોમન તેમજ ચીની યાત્રિકોને આકર્ષ્યા તો બીજી બાજુ આધ્યાત્મિકતાની શોધમાં આવેલ પંડિતો માટે ભારત એક તીર્થ સ્થાન હતું બૌદ્ધ ધર્મના પ્રચારકો જેમ કે હ્યુ એન ત્સાંગ નાલંદા વિદ્યા કેન્દ્રમાં રહી અભ્યાસ કર્યો હતો અને ભારતની શૈક્ષણિક શ્રેષ્ઠતાની પ્રશંસા કરી હતી.

મધ્યકાલીન સમયમાં ભારતમાં આવેલ આબેરુની ઇબ્નબનૂતા, નિકલોકોન્ટી, અલ્દુરસત્રાક અફનાસી નિકિતન, માર્કોપોલો, વાસ્કો દ ગામા, ડોમિંગોપેસ, દુઆર્તે, બાબોસા ફ્રાસિસ્કો વેલ્સર્ટ વગેરે તેમણે ભારતના પ્રવાસના અનુભવ તેમની શબ્દોમાં વર્ણવી ભારતની

ભવ્યતા અને જાહોજલાલી તેમજ સામાજિક જનજીવન વિશે પ્રકાશિત પાડ્યો છે.

આધુનિક સમયમાં ભારત પ્રવાસીઓ માટે એક વૈવિધ્યસભર સ્થળ બની ગયું છે તાજમહેલની સુંદરતા રાજસ્થાનના રણનું રહસ્ય હિમાલયની શાંતિ ગોવાના હરિયાળી કિનારા ના આજના પ્રવાસીઓને આકર્ષે છે.

**૨. વિદેશી પ્રવાસીઓની નજરે ભારતભૂમિ**

ભારત વિદેશી પ્રવાસીઓની નજરે ભારત જુદા જુદા સમય પ્રમાણે તપાસીએ તો

- **પ્રાચીનકાળના યાત્રિકોની નજરે ભારત.**

પ્રાચીન કાળમાં ભારત એક એવી ભૂમિ હતી જે દુનિયાના ઘણા લોકો માટે જ્ઞાન વ્યાપાર તેમજ આધ્યાત્મિકતાનું કેન્દ્ર હતું આ સમય ભારતની મુલાકાતે આવેલા વિદેશી જેમાં ચીની, ગ્રીક, રોમન હતા તેમણે પોતાના લખાણોમાં ભારતની સમૃદ્ધિ અને શિક્ષણ તેમજ સંસ્કૃતિનું આલેખન કરેલું જોવા મળે છે.

- **મેગસ્થનીસ**

વિવિધ પ્રવાસીઓમાં મેગસ્થનીસનું નામ ખૂબ જ જાણીતું છે તે પ્રથમ યુરોપિયન લેખક હતો. જેણે મૌર્યકાલીન ભારત વિશે નોંધપાત્ર તેમજ વિશ્વાસનીય માહિતી આપેલ તેના લખાણો આધુનિક શોધકર્તાઓ માટે ખૂબ જ મૂલ્યવાન સાબિત થયા છે. મેગસ્થનીસ એક ગ્રીક રાજદૂત અને ઇતિહાસકાર હતો જ્યારે સેલ્યુકસ અને ચંદ્રગુપ્ત મૌર્ય વચ્ચે સંધિ થઈ ત્યારે મેગસ્થનીસને રાજદૂત તરીકે ચંદ્રગુપ્ત દરબારમાં મોકલવામાં આવેલ તે પાટલીપુત્ર વર્તમાન પટનામાં રહ્યો હતો અને તેણે તાત્કાલિક ભારતના સમાજ નીતિ ધાર્મિક જીવન અને પ્રકૃતિ વિશે તેના અનુભવ ઇન્ડિકા નામના ગ્રંથમાં લખ્યા હતા જોકે મૂળભૂત પુસ્તક ઉપલબ્ધ નથી છતાં પણ તેનો સાર અનેક ગ્રંથ અને રોમન લેખકોના લખાણોમાં મળી આવેલ છે જેમ કે સ્ટ્રેબ્રો, એરિયન અને ડાયોડોરસ મેગાસ્થાનિસનના ભારતના રાજકીય સામાજિક અને ધાર્મિક જીવનનું જીવંત વર્ણન કર્યું છે તેમાં રાજકીય વ્યવસ્થામાં તેણે પાટલીપુત્રના ભવ્ય મહેલ સૈન્ય વ્યવસ્થા ન્યાય પ્રણાલી તેમજ ઉચ્ચ પ્રશાસનની પ્રશંસા કરેલ છે. શહેરી સુવ્યવસ્થિત જનજીવન બાંધકામ કળા નગર યોજના સમાજના વિવિધ વર્ગ ધાર્મિક જીવન નૈતિક જીવન પરંપરાઓ તેમજ પ્રકૃતિ અને વનસ્પતિ વિશે વર્ણન કરેલ છે.

- **રોમન યાત્રી પ્લિની**

રોમન યાત્રિક પ્લિની વિદ્વાન તેમજ લેખક અને તેણે ભારતના પ્રાચીન વ્યાપાર અને ભૂગોળ વિશે લખાણો તૈયાર કર્યા હતા તેણે ભારતીય ઉપ મહાદ્વીપ વિશે આપેલ જ્ઞાન આજે પણ ઐતિહાસિક દ્રષ્ટિએ મૂલ્યવાન છે.

પ્લિની ધ એલ્ડર રોમન સામ્રાજ્યના પ્રખ્યાત નૈસર્ગિક વિદ્વાન શાસ્ત્રી લેખક અને સૈનિક અધિકારી હતો તેણે જુદા

જુદા યાત્રિકો વેપારીઓ અને સમકાલીન ગ્રંથોની માહિતીના આધારે ભારતમાં શું છે તે લખ્યું હતું ને ભારતમાં આવ્યો ન હતો તેની જાણીતી કૃતિ 'પ્રાકૃતિક ઇતિહાસમાં' ભારતના વેપાર સંબંધમાં કહ્યું હતું કે ભારતમાં સુગંધિત દ્રવ્યો મસાલા મોતી હીરા અને રેશમી કાપડ માટે રોમન લોકો ખૂબ પૈસા ખર્ચતા તેના મતે રોમન લોકોની લાલચના કારણે રોમન સામ્રાજ્યમાંથી સુવર્ણ બહાર જતું હતું ભારતમાં આવેલ નદીઓ પશ્ચિમ અને પૂર્વ દરિયા કિનારાઓ તેમજ કેટલાક શહેરોનું પણ ઉલ્લેખ કર્યો છે અહીં નોધવું રહ્યું કે પ્લિની ભારતમાં ન આવ્યો હોવા છતાં તે એક મહાન સંશોધક તરીકે ઓળખાય છે તેના લખાણોમાં ભારતના વૈભવ અને ભવ્યતાની ઝાંખી થાય છે.

- **ફાહિયાન**

ચીનીયાત્રી ફાહિયાનનું નામ પ્રાચીન ભારતના પ્રવાસીઓમાં જોઈ શકાય છે તેનો જન્મ ચીનના શાન્સી પ્રદેશમાં ઇ.સ 337 આસપાસ થયો હોવાનું માનવામાં આવે છે તેની ભારત યાત્રા આશરે 399 માં ચીનથી શરૂ થઈ હતી તે પામિર પર્વતો અફઘાનિસ્તાન પેશાવર અને તક્ષશિલા ઉપરથી પસાર થઈને ભારતમાં પ્રવેશ્યો હતો તેનો ઉદ્દેશ્ય ભારત આવીને મૂળભૂત બૌદ્ધ ગ્રંથો મેળવવા અને તીર્થ સ્થળોની યાત્રા કરવી બૌદ્ધ ધર્મ જીવનશૈલીને સમજીને ચીનમાં તેનો પ્રચાર કરવાનો હતો આમ તે ભારતના ઉત્તર પ્રદેશ બિહાર અને મધ્યપ્રદેશના અનેક વિસ્તારોમાં તેમણે યાત્રા કરેલ નાલંદા કપિલ વસ્તુ લુંબિની, શ્રાવસ્તી બોધ ગયા જેવા પવિત્ર સ્થળોની મુલાકાત લીધી હતી તેણે તેના પ્રવાસ વૃતાંત travel records of Buddhist kingdoms માં ભારતના સમાજ ધર્મ ચારિત્ર શિક્ષણ આરોગ્ય વ્યવસ્થા શાળાઓ અને તીર્થ સ્થળો વિશે લખ્યું છે જેમાં લોકો મિતભાષી અને સાધુ સ્વભાવ ધરાવતા હતા સમાજ ધર્મધારી હતો અને ન્યાયપાલન સુવ્યવસ્થિત હતું. શહેરો અને ગામો સ્વચ્છ તેમજ વ્યવસ્થિત હતા ભિક્ષુઓ માટે ખાસ વિહાર બનાવવામાં આવ્યા હતા જ્યાં ધ્યાન અને શિક્ષણ આપવામાં આવતું હતું ફાહિયાને કરેલ ભારત ભ્રમણ અને તેના અનુભવમાં ભારતની સમૃદ્ધિની પ્રશંસા કરેલ છે ભારતના લોકો ખેતી અને વ્યાપારમાં નીપૂર્ણ હતા તેમની પાસે સારી સમજ વ્યવસ્થા હતી.

- હ્યુ એન ત્સાંગ

હ્યુ એન ત્સાંગ ચીનના બીજા પ્રખ્યાત યાત્રીમાં હ્યુ એન ત્સાંગ નામ ખૂબ જ જાણીતું છે એનો ભારત પ્રવાસ ઈસવીસન સાતમી સદીમાં થયો હતો તે સમય ભારતમાં આવે છે ત્યારે હર્ષવર્ધનનું શાસન હતું તેણે નાલંદા વિશ્વવિદ્યાલયની મુલાકાત લીધી હતી પરંતુ કાશી રાજગૃહ કૃષિનગર લુંબિની પાટલીપુત્ર વગેરે સ્થળોની મુલાકાત લઈને ત્યાંની ધાર્મિક તેમજ સાંસ્કૃતિક પરિસ્થિતિનો ઊંડો અભ્યાસ

કર્યો હતો તેના પ્રવાસનું વર્ણન સી-યુ-કી નામના ગ્રંથમાં જોવા મળે છે જેમાં તેણે ભારતના તત્કાલીન ઇતિહાસ ભૂગોળ સમાજ અને ધર્મ માટે બધું મહત્વપૂર્ણ માનવામાં આવે છે તેને નાલંદા ને વિશ્વનું સૌથી મહાન શૈક્ષણિક કેન્દ્ર જણાવ્યું છે અને તેણે લખ્યું છે કે અહીં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા અને ગ્રંથાલયમાં અસંખ્ય પુસ્તકો હતા તેના લખાણમાં ભારતના મંદિરો સ્તૂપો અને બૌદ્ધ સંસ્કૃતિનું વિગતવાર વર્ણન જોવા મળે છે.

- **ઇત્સિંગ**

હ્યુ એન ત્સાંગ નામના ચીનીયાત્રી બાદ ઇત્સિંગ નામનો પ્રવાસી ભારત પ્રવાસ કરે છે તે ચીનથી ઈસવીસન 671 માં નીકળ્યો હતો તે દરિયાઈ માર્ગે સુમાત્રા થઈને તામ્રલિપ્તિ નામના બંદરે પહોંચ્યો હતો તેણે રાજગૃહ બોધગયા વૈશાલી કુશીનગર કપિલ વસ્તુ શ્રાવસ્તી અને બનારસનો પ્રવાસ કર્યો હતો તે નાલંદામાં તેણે લગભગ ઇ.સ 678 થી 685 સુધી વિદ્યા અભ્યાસ કરી બૌદ્ધધર્મનું ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરી પ્રમાણભૂત 400 થી વધારે ગ્રંથો મેળવ્યા હતા તેણે અહીંના રીત રિવાજો પ્રથાઓ અને ખોરાક વિશે લખાણમાં ઘણી બધી માહિતી આપેલી છે તેને ભારત દેશનો ઉલ્લેખ સામાન્ય રીતે એટલે કે (સી-ફેંગ)પશ્ચિમ દેશ તરીકે કર્યો છે તે સાથોસાથ જણાવે છે કે એ દેશ આર્ય દેશને નામે ઓળખાતો હતો આર્ય એટલે ઉમદા અને દેશ એટલે પ્રદેશ એટલે કે ઉમદા પ્રદેશ એવું આ પશ્ચિમ દેશ નું નામ છે.

આ વિદેશી પ્રવાસીઓની નજરે ભારત માત્ર એક દેશ જ નહોતો પરંતુ એક સંસ્કૃતિનું સંગમ સ્થાન હતો તેઓના લખાણોમાં ભારતની ખામીઓને ઉલ્લેખ નહીવત છે પરંતુ તેમણે ભારતની વિવિધતા અને સહિષ્ણુતાને ખૂબ જ મહત્વ આપ્યું છે ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો આ વિદેશી પ્રવાસીઓની પ્રવાસ વૃતાંતો આધુનિક ભારત માટે પ્રાચીન સમયના ભવ્ય ભૂતકાળને ઉજાગર કરે છે.

- **મધ્યકાલીન યાત્રિકોની નજરે ભારત**

મધ્યયુગમાં ભારત એક એવો દેશ હતો જે વિદેશી પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો આ સમયગાળામાં લગભગ આઠમી સદી થી 18 મી સદી સુધીના ભારતના રાજવંશના ઉદય અને પતનનો સાક્ષી બન્યો આ યુગમાં આવેલ વિદેશી યાત્રિકો જેમાં ચીની આરબ પર્શિયન અને યુરોપિયન સામેલ હતા તેમણે ભારતની સંસ્કૃતિ વેપાર ધર્મ અને રાજકીય વ્યવસ્થાનું વર્ણન પોતાના પ્રવાસ વૃતાંતોમાં કર્યું છે આ યાત્રિકોની દ્રષ્ટિએ ભારત એક રહસ્યમય ઐશ્વર્યશાળી અને જટિલ દેશ હતો તેની છબી તેઓના લખાણોમાં નજરે ચડે છે.

- **અલમસુદી**

આરબ યાત્રી અલમસૂદીએ 10 મી સદીમાં ભારતની મુલાકાત લીધી

હતી તેને ભારતના પશ્ચિમ કિનારા ના બંદરોની સમૃદ્ધિનું વર્ણન કરેલ છે તેને નોંધ્યું છે કે ભારતના લોકો વેપારમાં નિપુણ હતા અને તેમની પાસે મસાલા રત્નો અને કાપડનો વિશાળ ભંડાર હતો અલમસુદીએ ભારતના રાજાઓની શક્તિ તેમજ તેમના દરબારોની ભવ્યતાની ચર્ચા કરેલ છે તેમ તેના માટે ભારત એક એવો દેશ હતો જ્યાં વિવિધ ધર્મના લોકો સાથે રહેતા હતા અને તેમની વચ્ચે સહિષ્ણુતાનો માહોલ હતો તેણે ભારતના હવામાન ખેતી અને લોકોની જીવનશૈલીનું પણ વિગતે વર્ણન કરેલ છે.

➢ **અલબીરૂની**

ઇસ્લામ જગતનો મહાન ઈતિહાસકાર લેખક અને ખગોળવેતા હકીમ અબુ રેહાન મોહમ્મદ બિન અહમદ અલબીરૂનીનો જન્મ ખ્વારી ગામમાં બિરૂન થયો હતો. ઇ.સ 1017 માં મહમ્મદ ગજનાવીએ ખ્વારીઝ્મ જીતી લીધું અને ત્યાંથી મશહૂર વ્યક્તિઓને કેદ કરીને લઈ ગયો તેઓએ અલબીરૂનીનો પણ સમાવેશ થતો હતો તે મહંમદ ગજનવી એ ભારત પર કરેલા આક્રમણ દરમિયાન અનેકવાર સાથે આવ્યો હતો અને અહીં તેણે લાંબા પ્રવાસો ખેડયા હતા તેણે હિન્દુઓના ધર્મો ખગોળ ભૂગોળ અને ગણિત શાસ્ત્ર ઉપરાંત ઈતિહાસ ઔષધ ખનીજ પદાર્થો વગેરે વિષયોના અભ્યાસોમાં તેણે ઊંડો રસ દાખવ્યો હતો તે સર્વ ઉપર તેને અનેક ગ્રંથો અરબીમાં લખેલા છે. અલબીરૂની હિન્દુઓના પુરાણોનો અભ્યાસ કરનાર પ્રથમ મુસલમાન હતો ભગવદગીતા વાંચી તે અતિ પ્રભાવિત થયો હતો અને તે અંગે મુસલમાનોને તેણે સૌપ્રથમ માહિતી આપી હતી અલબીરૂની તેના સમયનો એક મહાન ભૂગોળ વેતા હતો તેનું આ વિષય ઉપરનો ગ્રંથ કાનૂને મસઉદી સર્વ કૃતિઓમાં ઉત્તમ ગણાયો છે તેની 'આશારુલ બાકીયા' માં પ્રાચીન રાજાઓનો ક્રમબદ્ધ ઇતિહાસ તથા પુરાણી પ્રજાઓના પંચાંગ પદ્ધતિ તથા તેમના તહેવારો રીતે રિવાજો વગેરે વિશેની માહિતી છે તેણે અરબીમાં લખેલ કિતાબુલ હિંદ ની રચનામાં ભારતની પ્રજા તેમના રીત રિવાજો દેશની રાજકીય પરિસ્થિતિ તથા લોકોમાં પ્રચલિત ધર્મ સાહિત્ય તત્કાલીન તત્વજ્ઞાન જ્યોતિષવિદ્યા ખગોળશાસ્ત્ર ગણિતશાસ્ત્ર ભૌતિક વિજ્ઞાન રસાયણ શાસ્ત્ર વગેરે વિષયોને આવરી લઈ તે ઉપર સુંદર વિવેચન કરેલ છે તેણે ભારતમાં રહીને હિન્દુઓની સંસ્કૃત ભાષા શીખી તેમની સાથે મિત્રતા ભર્યા સંબંધ કેળવ્યો હતો ત્યારબાદ તેણે ધર્મ ઇતિહાસ ભૂગોળ દર્શનશાસ્ત્ર જ્યોતિષ ગણિત વગેરે વિષયનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો તે કિતાબુલ હિન્દ ગ્રંથ અભ્યાસ પરથી જણાઈ આવે છે.

➢ **ઇબ્નબતૂતા**

ઇબ્નેબતૂતા મૂળ નામ અબુ અબ્દુલ્લાહ મોહમ્મદ હતું તેનો જન્મ ઈસવીસન 1304 માં ઉત્તર આફ્રિકામાં તાંજીર ખાતે થયો હતો તેને બાળપણથી જ મુસાફરી કરવાનો શોખ હતો તે 21 વર્ષનો

થયો ત્યારબાદ આફ્રિકા તથા એશિયાના અનેક દેશોનો પ્રવાસે તે નીકળ્યો હતો દિલ્હીમાં તે સુલતાન મોહમ્મદ તુગલકના સમયમાં દિલ્હીના કાજી પદે રહ્યો હતો તે ભારતમાં આઠ વર્ષ ગયો હતો અને દેશભરમાં ફર્યો હતો દિલ્હીના સુલતાને તેને ઈસવીસન 1342માં એલચી તરીકે ચીન મોકલ્યો હતો તેણે ચીનના સમ્રાટને મળીને ત્યાં રહીને પરિસ્થિતિ અને સંસ્કૃતિનો અભ્યાસ કર્યો હતો ત્યાંથી ભારત પાછો ફર્યો ત્યારબાદ સુલતાનની નોકરી છોડીને સ્વદેશ પાછો ફર્યો ત્યાં તેણે તેના મિત્રો તથા અમલદારોને તેની લાંબી મુસાફરીનું વર્ણન સંભળાવ્યું તેને પોતાના અનુભવ અને નિરીક્ષણનો અહેવાલ અરબી માં લખ્યો હતો અને તેણે ઇસવીસન 1355માં પૂર્ણ કર્યો હતો તે પુસ્તક ‘રહલા’ નામે જાણીતું છે.

ઇબ્નેબતૂતા ભારતમાં સુલતાન મોહમ્મદ તુગલકના સંપર્કમાં રહ્યો હોવાથી તેના ચારિત્ર પર ઘણા પ્રકાશ પાડેલ છે તેને ભારતની તત્કાલીન હાલત અને હિન્દુઓ અને મુસલમાનો નારીતિ રિવાજોની વિગતે રહલા ગ્રંથમાં આપેલ છે તેને સુલતાનની ઉદારતા ન્યાયપ્રિયતા તેનો પરદેશીઓ પ્રત્યેનો સ્વભાવ તેનું વિનમ્રણું અને ઇસ્લામમમાં તેની સંપૂર્ણ શ્રદ્ધાના ભારોભાર વખાણ કર્યા છે તો સાથો સાથ તેણે બિનપક્ષવાતી રીતે સુલતાને કરેલા કારમાં જુલમો પણ વર્ણવેલા છે તેને સરહદ થી દિલ્હી સુધી ખેંચીને અને ઘોડા દ્વારા વ્યવસ્થિત અને નિયમિત રીતે ચાલતી ટપાલ પદ્ધતિના વખાણ કર્યા છે.

- **માર્કોપોલો**

ઇટાલીના યાત્રી માર્કોપોલો એ 13મી સદીના અંતમાં દક્ષિણ ભારતની મુલાકાત લીધી હતી તેણે તેની પ્રવાસ નોંધમાં પાંડ્ય રાજવંશના ઐશ્વર્યા તથા વ્યાપારની વાત કરેલ છે માર્કોપોલો એ ભારત મોતી મસાલા અને હીરાના વેપારની ચર્ચા કરેલ છે અને લખ્યું છે કે આ દેશના રાજાઓ પાસે અપાર સંપત્તિ હતી તેને ભારતના લોકોની વેપાર ચતુરાઈ અને બંદરોની ગીચતા નું વર્ણન કર્યું છે તેના લખાણોએ યુરોપના ભારત વિશે ઉત્સુકતા જગાડી છે ત્યાર બાદના સમયમાં યુરોપિયન શોધખોળનું કારણ બની.

- **અબ્દુર રઝાક**

અફઘાનિસ્તાનમાં આવેલા હેરાતના વતની અને વિદ્વાન અબ્દુર રઝાક તિમૂરના પુત્ર સુલતાન શાહરુખના એલચી તરીકે 1443 માં કાલીકટના ઝામોરિન પાસે આવ્યા તેમણે વિજયનગર ની મુલાકાત લીધી હતી એથી વિજયનગર શહેરનું વર્ણન અને તેના વહીવટીતંત્ર તથા સામાજિક જીવન વિશે વિગતો અબ્દુર રઝાક ગ્રંથમાં ઉપલબ્ધ છે.

- **એથેનેશિયસ નીકીટીન**

નિકિતન 1470 ની સાલમાં દમણમાં રહ્યા હતા બીડરમાં એમણે અમુક સમય પસાર કર્યો હતો ગરીબ લોકોનું

વિપત્તિ ભર્યું અને ધનિક લોકોના એસઆરામિ જીવનનું ચિત્રણ 500 વર્ષ પૂર્વે એક રશિયને કરેલું જોવા મળે છે જે રસપ્રદ છે બીડરના રાજ દરબાર અને સૈન્ય વિશે પણ નોંધ લખી છે એથેનિશિયસ નિકિતને કીટીને આપેલા હિન્દ અંગેના અહેવાલનું હિન્દી ભાષાંતર રશિયામાં પ્રકાશિત થયું છે.

- **વાસ્કો દ ગામા**

15મી સદીમાં પોર્ટુગીઝ નાવિક વાસ્કો દ ગામા 1498 માં કાલિકટ ના કિનારે પગ મૂક્યો હતો અને ભારત સાથે યુરોપનો સીધો સંપર્ક સ્થાપ્યો તેને ભારતના મસાલાના વેપારની સંભાવનાઓ જોઈ અને પોતાના દેશ માટે તેણે લાભ ઉઠાવ્યો વાસ્કો દ ગામા ગામોરિનના દરબારની ભવ્યતા અને બંદરની વ્યસ્તતાનું વર્ણન કર્યું છે તેને સ્થાનિક લોકો સાથેના તણાવની પણ નોંધ લીધી આ યાત્રાએ ભારત અને યુરોપ વચ્ચેનો નવો સંબંધ સ્થાપિત કર્યો.

આ યાત્રિકોની નજર એ ભારત એક એવો દેશ હતો જ્યાં સંપત્તિ અને સંસ્કૃતિનું અદભુત સંગમ હતું તેમના લખાણોમાં ભારતની સુંદરતા સાથે સાથે તેની જટિલતાઓ જેમ કે રાજકીય અસ્થિતા અને સામાજિક વિભાજન પણ દેખાય છે મધ્યયુગીન યાત્રીઓએ વિશ્વના નકશા પર એક મહત્વનું સ્થાન આપ્યું જે ઔપનિવેસિક યુગમાં વધુ ગાઢ બન્યું

- **ઓપનિવેશિક સમયમાં વિદેશી યાત્રિકોનું ભારત દર્શન**

**ઓપનિવેશિક** યુગ જે 16મી સદીથી 20મી સદીના મધ્યભાગ સુધી ચાલ્યો ભારત માટે એક પરિવર્તનશીલ સમય કાર્ડ હતો આ સમયકાળ દરમિયાન યુરોપિયન દેશોમાં પોર્ટુગલ નેધરલેન્ડ બ્રિટન ફ્રાન્સ વગેરે ભારતની સંપત્તિ થતા મહેરબાની સંભાવનાઓથી આકર્ષાઈને અહીં આવ્યા આ સમયે ભારતની મુલાકાતે આવેલા વિદેશી યાત્રિક વ્યાપારીઓ અધિકારીઓ અને મિશનરીઓએ પોતાની નજરે ભારતની સુંદરતા સંસ્કૃતિ અને જટિલતાઓને જોઈ તેમના લખાણોમાં ભારતનું એક ભવ્ય પરંતુ પડકારોથી ભરેલું ચિત્ર ઉપસે છે જે ઔપનિવેસીક શક્તિઓના શોષણ સાથે જોડાયેલું છે.

- **ડોમિંગોસ પાએસ**

પોર્ટુગીઝ લેખક ડોમિંગોસ પાએસ 1520 માં વિજયનગર સામ્રાજ્યની રાજધાની હમ્પીની મુલાકાત લીધી હતી અને તેને વિશ્વનું સૌથી સમૃદ્ધ શહેર જણાવ્યું હતું તેને લખ્યું છે કે હમ્પીના બજારમાં હીરા મોતી અને મસાલાનો વેપાર થતો હતો અને શહેરની સ્થાપત્ય કલા અદભુત હતી **ડોમિંગોસ પાએસ** ભારતના રાજાઓના ઐશ્વર્ય અને લોકોની વૈવિધ્ય સભ્ય જીવનશૈલીની પણ પ્રશંસા કરી પરંતુ સાથે જ સ્થાનિક લોકો સાથેના સંબંધોનો ઉલ્લેખ પણ કર્યો છે.

- **લુદવિક ધ વાર્થમા**

બોલોના ઇટાલીના લુદવિક ધ વાર્થમાએ ઇ.સ. 1502 1908 ના સમયમાં કરેલી ભારતની યાત્રાનો અહેવાલ લખ્યો છે જેમાં ગોવા કાલિકટ તથા પશ્ચિમકાંઠાના અન્ય બંદરોનું તેમજ વિજયનગર સામ્રાજ્યનું રસપ્રદ વર્ણન કરેલ છે.

➢ **દુઆર્તે બારબોઝા**

દુઆર્તે બારબોઝા ઈસવીસન 1500 16 દરમિયાન ભારતમાં કોચીન ખાતે પોર્ટુગીઝ અધિકારી હતો તેઓ પોતાના ભારત વર્ષના પ્રવાસનું વર્ણન બે ગ્રંથમાં કરેલ છે જેમાં દક્ષિણ ભારતનો વિશેષતા વિજયનગર સામ્રાજ્યનો આલેખેલ અહેવાલ ભૌગોલિક તેમજ માનવ વિદ્યાની દ્રષ્ટિએ ખૂબ જ અગત્યનો છે આ ઉપરાંત તે દીવ અને એના વેપારનું વિગતવાર વર્ણન આપે છે તે સમયે ગુજરાતને મલબાર ઈરાન અને આફ્રિકાના ઘણા દેશો સાથે નો વેપાર હતો એમ વિગતો ની દ્રષ્ટિએ બારબોઝા ગ્રંથનો ખૂબ જ મહત્વ ધરાવે છે.

➢ **બર્નિયર**

બર્નિયર નામે ફ્રેંચ પ્રવાસી ઈસવીસન 1658 માં ભારતમાં આવેલ તે ભારતમાં 12 વર્ષ રહ્યા હતા વારસા વિગ્રહ દ્વારા સિકોહનો કરૂણ અંત વગેરે ઘટનાઓનું નિરૂપણ બર્નિયરે બળની અને ઘટનાઓ નિહાળનાર વ્યક્તિઓના બાયોનાનો આધારે કરેલ છે મુઘલ સામ્રાજ્યના ન્યાયતંત્ર વિશે ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે.

➢ **મેન્ડેલ્સો**

મેન્ડેલ્સો નામનો જર્મન પ્રવાસી ઈસવીસન 1638 માં થોડા મહિનાઓ ભારતમાં રહ્યો હતો. મુઘલ વહીવટી તંત્ર અને આગરા શહેર વિશે તેના અવલોકનો ખૂબ જ રસપ્રદ છે

➢ **ટાવેર્નીઅર**

ટાવેનિયરનો પ્રખ્યાત ફ્રેન્ચ વેપારી ટાવેનિયર 1641 થી 1668 ના સમય દરમિયાન ભારતની મુસાફરી કરી હતી તેના અહેવાલમાં તત્કાલીન વ્યવહાર માર્ગો સંદેશા વ્યવહારના સાધનો બંદરો વેપારની ચીજો મજૂરીના દર જેવી વિગતો આપતો હોવાથી તે સમયના આર્થિક અને સામાજિક ઇતિહાસ નિરૂપણમાં ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે.

➢ **ગેમેલી કરેરી**

ઇટાલિયન ગેમેલી કરેલી ઇ.સ 1693-94 દરમિયાન ભારત પ્રવાસ કર્યો હતો તેની ડાયરીમાં દખ્ખણનું ઘણું વર્ણન મળે છે ગોવા તેના દેવળો અને મઠો વિશે સારી એવી વિગતો આપેલ છે. ભારતીય નૃત્યનું અવલોકન કરનાર તે પ્રથમ પ્રવાસી હતો.

બ્રિટિશ યાત્રિકો અને અધિકારીઓ દ્વારા 18 મી અને 19 મી સદીના ભારત પર પ્રભુત્વ વધતાં તેમણે ભારતનું વિગતવાર ચિત્ર રજૂ કર્યું હતું બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અધિકારીઓ જેમકે રોબર્ટ લાઈવ અને વોરન હેસ્ટિંગસ

ભારતની આર્થિક સંભાવનાઓથી પ્રભાવિત થયા તેમના અવલોકન માં ભારતના કાપડ મસાલા અને ખેતીની ઉત્પાદકતા ની ચર્ચા છે બ્રિટિશ મિશનરી વિલિયમ કેરીએ 18 મી સદીના અંતમાં બંગાળમાં કામ કર્યું અને ભારતીય ભાષાઓ ખાસ કરીને સંસ્કૃત અને બંગાળી નો અભ્યાસ કર્યો તેણે ભારતની શૈક્ષણિક પરંપરા ની પ્રશંસા કરી પરંતુ સતી પ્રથા અને જાતિવાદ જેવી સામાજિક ખૂબ કુપ્રથાઓની ટીકા પણ કરી.

ઔપનિવેશિક યુગના વિદેશી યાત્રીઓની દ્રષ્ટિએ ભારત એક એવો દેશ હતો જ્યાં અપાર સંપત્તિ અને સંસ્કૃતિની સાથે ગરીબી અને અસમાનતા પણ હતી તેમના લખાણોમાં ભારતની પ્રશંસા અને ટીકા બંને જોઈ શકાય છે.

- **આધુનિક સમયમાં વિદેશી યાત્રિકોનું ભારત દર્શન**

આધુનિક સમય એટલે કે 20મી સદીના મધ્યભાગથી લઈને 21મી સદી સુધીનો સમય ગાળો ભારત માટે સ્વતંત્રતા વિકાસ અને વૈશ્વિકીકરણનો યુગ રહ્યો છે આ સમયે ભારતની મુલાકાતે આવેલા વિદેશી યાત્રિકો જેમાં પ્રવાસીઓ લેખકો ફોટોગ્રાફર અને આધ્યાત્મિક શોધકોનો સમાવેશ થાય છે તેમણે ભારતની વિવિધતા સંસ્કૃતિ અને આધુનિકતાને પોતાની નજરે જોયું આ યાત્રિકોની નજર એ ભારત એક એવો દેશ છે જે પરંપરા અને પ્રગતિનું અનોખું સંગમ ધરાવે છે પરંતુ સાચો સાથ અનેક પડકાર પણ આપી રહ્યા છે.

ઈસવીસન 1947 માં ભારતની સ્વતંત્રતા બાદ ઘણા વિદેશી યાત્રિકોએ આ નવા રાષ્ટ્રને જોવાની ઈચ્છા દર્શાવે અમેરિકન લેખક માર્ક ટવેઇને 19 મી સદીના અંતમાં ભારતની યાત્રા કરી હતી પરંતુ તેમનું વર્ણન આધુનિક સમયના પ્રવાસીઓ માટે પ્રેરણાદાય બન્યું તેને ભારત દેશને ‘માનવ જાતનું પારણું’ ગણાવ્યું અને તેમાં રંગો ધર્મ અને જીવન શૈલીની વિવિધતાની પ્રશંસા કરે.

આધુનિક સમયમાં ભારતનું સૌથી મોટું આકર્ષણ તેના પ્રવાસન સ્થળો રહ્યા હતા તાજમહેલ જેને યુનેસ્કોની વિશ્વ ધરોહરનું સ્થાન મળ્યું વિદેશી પ્રવાસીઓ માટે અદભુત સ્થાપત્યનું પ્રતીક બની રહ્યું અમેરિકન પ્રવાસી અને લેખીકા એનીલે મોટે 2000 ના દાયકામાં ભારતમાં આવી અને તેમણે લખ્યું કે તાજમહેલની સુંદરતા શબ્દોમાં વર્ણવી શકાતી નથી તે એક અનુભવ છે આધ્યાત્મિકતાની શોધમાં આવેલા યાત્રિકો માટે ભારત હંમેશા એક અનોખો સ્થાન રહ્યું છે ઇસવીસન 1960 ના દાયકામાં બીટલ્સના સભ્ય જ્યોર્જ હેરીસન ઋષિકેશના આશ્રમમાં ધ્યાન અને યોગની શોધમાં આવ્યા તેમની આ યાત્રાએ પશ્ચિમી દેશમાં ભારતીય આધ્યાત્મિકતા પ્રત્યે રસ જગાડ્યો આજે પણ હજારો વિદેશી પ્રવાસીઓ હરિદ્વાર રામેશ્વર અને અમૃતસરના સ્વર્ણ મંદિરની મુલાકાત લે છે

જ્યાં તેઓ ભારતની ધાર્મિક વિવિધતાનો અનુભવ કરે છે

આધુનિક યુગમાં ટેકનોલોજી અને વિકાસ એ પણ વિદેશી યાત્રિકોનું ધ્યાન ખેંચ્યું. બેંગ્લોર અને હૈદરાબાદ જેવા શહેરો જેને ભારતની સિલિકોન વેલી કહેવાય છે વિદેશી ઉદ્યોગપતિઓ અને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા જાપાનની પ્રવાસી અને લેખક હિરોશિયામા શીતાએ 2015માં ભારતની યાત્રા કરી અને લખ્યું કે ભારત એક એવો દેશ છે જ્યાં ગામડાઓમાં ગાડીઓ દોડે છે અને શહેરોમાં ટેકનોલોજી ખીલે છે તેને ભારતની આર્થિક પ્રગતિની પ્રશંસા કરી પરંતુ ગીચ વસ્તી અને પ્રદૂષણની સમસ્યાઓ પણ દર્શાવી આધુનિક સમયમાં ભારત સફર કરનાર યાત્રિકોની નજર એ ભારત દેશ રંગીન જીવંત અને બહુ પણિમાણીય ચિત્ર રજૂ કરે છે તેમના અનુભવો ભારતની વૈશ્વિક છબીને મજબૂત કરે છે જેમાં પરંપરા આધુનિકતા અને વિવિધતા નું સંતુલન જોવા મળે છે.

- **સારાંશ**

ઉપરોક્ત ચર્ચાના આધારે કહી શકાય કે પ્રાચીન સમયના વિદેશી યાત્રિકો જેમ કે ફાહિયાન હ્યુએનત્સાંગ અને મેગેસ્થનીસ ભારતને જ્ઞાન વેપાર અને સંસ્કૃતના કેન્દ્ર તરીકે વખાણ છે જ્યાં નાલંદા જેવી સંસ્થાઓ અને સમૃદ્ધ શહેરોની પ્રસંશા થઈ મધ્યયુગીન યાત્રિકો જેમ કે અલમસુદી અલબિરૂની અને માર્કો પોલોએ ભારતના ઐશ્વર્યા વેપાર અને વૈજ્ઞાનિક જ્ઞાનની ચર્ચા પણ કરી જોડે સામાજિક જ્ઞાતિઓ પણ દર્શાવી ઔપનિવેશિક યુગમાં પોર્ટુગીઝ ફ્રેંચ, ઈટાલી, જર્મની અને બ્રિટિશ યાત્રિકોએ ભારતની સંપત્તિ સ્થાપત્ય અને સંસ્કૃતિની પ્રશંસા કરી સાથે ગરીબી અને અસમાનતાની ટીકા સાથે શોષણનો ઇતિહ્રાસ પણ રજૂ કર્યો આધુનિક સમયમાં પ્રવાસીઓએ ભારતના પ્રવાસન સ્થળો આધ્યાત્મિકતા અને ટેકનોલોજીકલ પ્રગતિને વખાણ્યા જોકે ગીચ વસ્તી અને પ્રદૂષણ જેવી સમસ્યાઓને પણ ઉજાગર કરી આમ વિદેશી યાત્રિકોની નજરમાં ભારત દેશની સુંદરતા વિવિધતા અને પડકારોનું સંતુલિત ચિત્ર જોવા મળે છે.

## <u>સંદર્ભ ગ્રંથોની યાદી</u>


- નાયક છોટુભાઈ રણછોડજી, મધ્યયુગીન ભારત ખંડ-૧, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ, ૨૦૨૨.
- નાયક છોટુભાઈ રણછોડજી, મધ્યયુગીન ભારત ખંડ-૨, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ, પાંચમી આવૃત્તિ, ૨૦૨૧.

- ઓઝા ઈશ્વરભાઈ, મધ્યયુગીન ભારતનો ઇતિહાસ (સલ્તનત કાળ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧.
- શાસ્ત્રી હરિપ્રસાદ અને શાહ સુમનાબહેન, પડોશી દેશોમાં ભારતીય સંસ્કૃતિનો પ્રાચીન પ્રસાર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, ૨૦૨૦.
- શાહ સુમના શશિકાની, ભારતીય ઇતિહાસની સાધન સામગ્રી, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૧.
- સતીશચંદ્ર, મધ્યકાલીન ભારત, સલ્તનત સે મુગલ કાલ તક (દિલ્હી સલ્તનત ૧૨૦૬-૧૫૨૬), જવાહર પબ્લિશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ, નયી દિલ્હી, ચોથી આવૃત્તિ, ૨૦૦૯.

https://dhcollege.ac.in.
https://www.godigit.com.
https://gujarativishwakosh.org.
https://abtakmedia.com.